# BUSINESS મિત્ર

### ક્રૂડ ઓઈલ $91ને પાર, સેન્સેક્સ 397 પોઈન્ટ તૂટ્યો

# યુદ્ધના વાદળો વચ્ચે શેરબજારમાં રક્તપાત

**એચડીએફસી** બેન્કને બાદ કરતા બેન્ક શેરોમાં લેવાલીએ બેન્ક નિફ્ટીએ 58000ની સપાટી કુદાવી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 31

ઈરાન પર અમેરિકાના મિસાઈલ હુમલાની ઘટનાના પગલે ભારતીય શેરબજારમાં સપ્તાહની શરૂઆત ઘટાડા સાથે થઈ હતી અને છેલ્લે સેન્સેક્સ-નિફ્ટી લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. યુએસ-ઈરાન વચ્ચે નવા તણાવ વચ્ચે ક્રુડ ઓઈલના ભાવમાં વધારો થયો હતો અને રોકાણકારોને જોખમ મુડમાં રહ્યા હતા, તેના પગલે ભારતીય શેરબજાર લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. જેમાં નિફ્ટીએ ઈન્ટ્રાડેમાં 24000 પોઈન્ટની સપાટી તોડી હતી, જે છેલ્લે 24100ની નીચે બંધ રહી હતી.

નવા ક્લોઝિંગ ઓકશન સેશન-કાસ મિકેનિઝમ હેઠળ એમએસસીઆઈ ઈન્ડેક્સ રિબેલેન્સીંગ વચ્ચે બજારનું સેન્ટિમેન્ટ નબળું રહ્યું હતું. રોકાણકારો સાવચેત રહ્યા હતા. જોકે, કાસ-સીએસીના લીધે રોકાણકારોની મુઝવણ વધી રહી છે, હજુય રોકાણકારોને 3.15થી 3.30ના ગાળાને સમજી શકાયો નથી.

બીએસઈ સેન્સેક્સ 397.24 પોઈન્ટ એટલે કે 0.4 ટકા ઘટીને 77000 પોઈન્ટની સપાટી તોડીને 76957.27 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 77177 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 76751 પોઈન્ટ સુધઈ ઘટ્યો હતો. નિફ્ટીએ 24100 પોઈન્ટની સપાટી તોડી હતી. નિફ્ટી 95.25 પોઈન્ટ એટલે કે 0.39 ટકા ઘટીને 24080.40 પોઈન્ટના સત્રે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24128 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24000 પોઈન્ટની સપાટી તોડીને 23993 પોઈન્ટ સુધી ઘટી હતી. જ્યારે બેન્ક નિફ્ટી 528.65 પોઈન્ટ એટલે કે 0.92 ટકા વધીને 58000 પોઈન્ટની સપાટી કુદાવીને 58024.95 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે કોનકોર્ડ બાયોટેકમાં 127.52 ગણા, ગ્રેન્યુઅલ્સ ઈન્ડિયામાં 29.73 ગણા, સેફાયર ફુડસમાં 6.82 ગણા, ન્યુ ઈન્ડિયા એન્સ્યોરેન્સમાં 6.38 ગણા અને ક્રાફ્ટમેન ઓટોમેશન6.32 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે સુપ્રીમ પેટ્રોકેમમાં 17.49 ગણા, ન્યુ ઈન્ડિયા એન્સ્યોરેન્સમાં 17.09 ગણા, ટ્રાન્સફોર્મર્સ એન્ડ રેક્ટીફાયર્સમાં 5.63 ગણા, ઈકલર્ક્સ સર્વિસીસમાં 5.57 ગણા અને આઈઆરબી ઈન્ફ્રા. માં 4.73 ગણા કામકાજ નોંધાયા છે.

રોકાણકારો ક્રુડ ઓઈલ અને સોનાના ભાવ, સ્થાનિક અને યુએસ બોન્ડ યીલ્ડ, રૂપિયો અને યુએસ-ઈરાન સંઘર્ષની આસપાસના વિકાસ પર નજીકથી નજર રાખશે. મીડિયા, મેટલ અને એફએમસીજીના શેરોમાં ઘટાડો નોંધાયો છે. જ્યારે ખાનગી બેન્ક, ફાર્મા અને ઓઈલ-ગેસના શેરોમાં વધારો થયો છે.

બ્રોડર માર્કેટમાં નરમાઈ જોવા મળી હતી. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.23 ટકા અને બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સ 0.74 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ નેગેટિવ રહ્યા હતા. બીએસઈ ખાતે 1855 શેરો વધ્યા હતા, જ્યારે 2571 શેરો ઘટ્યા હતા, જ્યારે 265 શેરો યથાવત રહ્યા હતા.

કોમડિટીઝ બજારમાં ક્રુડ ઓઈલના ભાવમાં ઉછાળો જોવાયો હતો. બ્રેન્ટ ક્રુડ 3.18 ડોલર વધીને 91.28 ડોલર પર પહોંચ્યો હતો.

નિફ્ટી મીડિયા ઈન્ડેક્સ 2.84 ટકા વધ્યા હતા. જેમાં ઝી એન્ટર, નેટવર્ક 18 મીડિયા, સારેગામા ઈન્ડિયા, પ્રાઈમ ફોકસ, સન ટીવી નેટવર્ક, ડીબી કોર્પ, પીવીઆર આઈનોક્સ, ટીપ્સ મ્યુઝીક, અને નઝારા ટેકનો ઘટયા હતા.

વૈશ્વિક સ્તરે યુએસ ડાઉ જોન્સ ફયુચર્સ 93 પોઈન્ટ ઘટ્યો છે, જે આજે યુએસ બજાર માટે નકારાત્મક શરૂઆત સુચવે છે. મીડલ ઈસ્ટમાં તણાવ વધતા યુરોપિયન બજાર ઘટાડા સાથે ચાલી રહ્યા છે, અને એશિયન બજારો લાલ નિશાનમાં બંધ રહ્યા છે. ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદર વધવાના એંધાણ અને ઈરાન-અમેરિકા વચ્ચેનો તણાવની અસર રહી હતી.

યુરોપિયન બજારોમાં ડેક્સ 0.62 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે, જ્યારે કેક 0.16 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. જ્યારે એશિયન બજારોમાં નીક્કી 0.35 ટકા, હેંગસેંગ 0.27 ટકા, તાઈવાન 0.44 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા, જ્યારે કોસ્પી 0.46 ટકા, જકાર્તા 0.11 ટકા અને શાંઘાઈ 0.86 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

## રૂપિયો સુધરીને 95ની નજીક

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 95.17 રૂ. |
| યુરો | 110.65 રૂ. |
| પાઉન્ડ | 128.59 રૂ. |
| યેન | 0.5955 રૂ. |

કરન્સી બજારમાં રૂપિયામાં સુધારો આગળ વધતો જોવા મળ્યો છે. ફેડરલ રિઝર્વના ટિપ્પણી બાદ રૂપિયામાં સુધારો જોવાયો હતો. આજે ડોલરની સામે રૂપિયો 22 પૈસા સુધરીને 95.17ના સ્તરે બંધ રહ્યો હતો, જે ધીમે ધીમે 95 નજીક સરક્યો હતો. જે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.39ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 110.65, પાઉન્ડ 128.59, કેનેડિયન ડોલર 68.46, ઓસ્ટ્રેલિયન ડોલર 68.51, જાપાનીઝ યેન 0.5954 અને સીંગાપોર ડોલર 74.92ના સ્તરે બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -307.24 | 76957.27 |
| નિફ્ટી | -95.25 | 24080.40 |
| બેન્ક નિફ્ટી | 528.65 | 58024.95 |

**નિફ્ટી**

ટોપ ગેઈનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| સન ફાર્મા | 3.38 | 1984.80 |
| નેસલે ઇન્ડિયા | 2.88 | 1496.50 |
| એક્સીસ બેન્ક | 2.77 | 1300.00 |
| મેક્સ હેલ્થકેર | 2.76 | 1042.10 |
| ગ્રાસીમ ઇન્ડ. | 2.46 | 3371.00 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અદાણી એન્ટર | 9.76 | 2859.10 |
| અદાણી પોર્ટસ | 6.70 | 1593.10 |
| આઇટીસી | 3.95 | 255.50 |
| ભારતી એરટેલ | 3.75 | 1811.50 |
| ટીએમપીવી | 3.30 | 308.85 |

**સેન્સેક્સ**

ટોપ ગેઈનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| સન ફાર્મા | 1.87 | |
| સન ફાર્મા | 1.87 | 1956.00 |
| ICICI બેન્ક | 1.74 | 1450.00 |
| ભારત ઇલે. | 0.79 | 414.00 |
| રિલાયન્સ ઇન્ડ. | 0.05 | 1285.00 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અદાણી પોર્ટસ | 4.11 | 635.00 |
| એચડીએફસી બેન્ક | 1.53 | 709.00 |
| ટાટા સ્ટીલ | 1.18 | 184.00 |
| ઇટર્નલ | 0.02 | 327.70 |

# સુભાષ ચંદ્રા નાદારી કેસમાં બહુમતિ નિર્ણય પર પહોંચવામાં NCLT નિષ્ફળ

**કેસ** અધ્યક્ષને સોંપાયો, કેનેરા બેંક અને યુનિયન બેંક NCLTએ મંજૂર કરેલી ભરપાઇ યોજના સામે એપેલેટ ટ્રિબ્યુનલમાં ગઇ

નવી દિલ્હી, તા. 31: એનસીએલટીની બેન્ચે સોમવારે મીડિયા જગતના અગ્રણી સુભાષ ચંદ્રા સામેના વ્યક્તિગત નાદારીના કેસને રૂ. 22,000 કરોડથી વધુના સ્વીકૃત દાવાઓ સામે પ્રસ્તાવિત રૂ. 6.5 કરોડની ભરપાઈ યોજના પર બહુમતી સહમતિ ન સધાતા, નવેસરથી ન્યાયિક નિર્ણય લેવા માટે કેસ ટ્રિબ્યુનલના ચેરપર્સન પાસે મોકલી આપ્યો છે.

દરમિયાન, 99.97 ટકા જેટલા મોટા કાપનો પ્રસ્તાવ રજૂ કરતી આ ભરપાઈ યોજનાનો વિરોધ કરનાર ધિરાણકર્તાઓએ ત્રીજા સભ્ય દ્વારા આ યોજનાને મંજૂરી આપતા આદેશ સામે એપેલેટ ટ્રિબ્યુનલ, એનસીએલએટી (NCLAT)માં અરજી કરી છે. અગાઉ, આ બાબતને ત્રીજા સભ્ય સમક્ષ મોકલવામાં આવી હતી, કારણ કે અશોક કુમાર ભારદ્વાજ (જ્યુડિશ્યલ સભ્ય) અને રીના સિંહા પુરી (તકનીકી સભ્ય)ની બે સભ્યોની ડિવિઝન બેન્ચે ભરપાઈ યોજના પર વિભાજિત ચુકાદો આપ્યો હતો.

કેનેરા બેન્ક અને યુનિયન બેન્કે સુભાષ ચંદ્રાની ચુકવણી યોજનાને મંજુરી આપવાના એનસીએલટીના નિર્ણયને પડકારતા એનસીએલએટીમાંમાં અરજી દાખલ કરી છે.

બેન્કો ઇચ્છે છે કે આ કેસની સુનાવણી વહેલી તકે થાય. તેઓ એનસીએલટીને હાલ પુરતું એનસીએલટીના આદેશ પર રોક લગાવવા વિનંતી પણ કરી શકે છે. એનસીએલએટી આ મામલાની તાત્કાલિક સુનાવણી કરવા સંમત થઇ છે અને બેન્કોની વિનંતી પર 1 સપ્ટેમ્બરના રોજ સુનાવણી થવાની સંભાવના છે. બેન્કોનું કહેવું છે કે મંજુર કરવામાં આવેલી રિપેમેન્ટ યોજનાથી બેન્કોને તેમના બાકી નાણાં લગભગ 99 ટકા ગુમાવશે. તેઓ એમ પણ કહે છે કે આ નિર્ણય ઇન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી કોડના મુળ હેતુની વિરૂદ્ધ હોઇ શકે છે.

# સુભાષ ચંદ્રાએ મુકેશ અંબાણી સામેના આક્ષેપો બંધ કર્યા

**ઇન્સ્ટાગ્રામ** પર પોતાના ફોલોઅર્સ સાથેના સંવાદમાં ઝી ગ્રુપના સ્થાપકે એસેલ ગ્રુપના દેવાની પતાવટ માટે ધિરાણકર્તાઓ સાથે થયેલી વાતચીતનો ઉલ્લેખ કર્યો

નવી દિલ્હી, ૩૧ ઓગસ્ટ (પીટીઆઈ) અબજોપતિ મુકેશ અંબાણી પર તીખો પ્રહાર કર્યા અને રિલાયન્સ સાથે જોડાયેલા મીડિયા આઉટલેટ્સ પર પોતાની વિરુદ્ધ અભિયાન ચલાવવાનો આરોપ લગાવ્યાના બે દિવસ પછી, ઝીના સ્થાપક સુભાષ ચંદ્રાએ નિવેદન આપ્યું છે. હવે લગભગ દરરોજ આવતા પોતાના સાર્વજનિક નિવેદનોમાં તેમણે તે આરોપોનો આગળ ઉલ્લેખ કરવાનું છોડી દીધું છે અને તેમનું ધ્યાન બાકી લેણાં ચૂકવવા તેમજ પોતાના વ્યક્તિગત નાદારી પ્લાનનો બચાવ કરવા તરફ કેન્દ્રિત કર્યું છે.

ઈન્સ્ટાગ્રામ પર પોતાના ફોલોઅર્સ સાથે ૧૮ મિનિટની વાતચીત દરમિયાન (જેમાં આશરે ૫૬૦ લોકો જોડાયા હતા), ચંદ્રાએ અંબાણી સામેના પોતાના આરોપોનો બહુ ઓછો તાજો સંદર્ભ આપ્યો હતો. તેની જગ્યાએ તેમણે દર્શકોને જણાવ્યું હતું કે તેમના એસેલ ગ્રુપ સાથે જોડાયેલા ધિરાણકર્તાઓ સાથે પોતાના બાકી લેણાંની પતાવટ કરવા માટે સંમત થયા છે.

સોમવારે ઈન્સ્ટાગ્રામ પર થયેલી આ વાતચીત તે ત્રણ નિવેદનો પછી આવી છે, જે તેમણે નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (NCLT) દ્વારા મંજૂર કરાયેલી પુનઃચુકવણી યોજના પર થતી ટીકાઓનો જવાબ આપવા માટે જારી કર્યા હતા. શુક્રવારે ચંદ્રાની વાત કરવાનો સૂર નોંધપાત્ર રીતે અલગ હતો.

તેમણે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન અંબાણીનું સીધું નામ લીધું હતું અને TV18 તથા CNBC-TV18 સહિત રિલાયન્સ સાથે જોડાયેલા મીડિયા વ્યવસાયો પર તેમની નાદારીની કાર્યવાહી વિશે ખોટી માહિતી ફેલાવવાનો આરોપ લગાવ્યો હતો. રિલાયન્સે આ આરોપોને પાયાવિહોણા ગણાવીને ફગાવી દીધા હતા અને કહ્યું હતું કે તેની મીડિયા બ્રાન્ડ્સનો ઉપયોગ ક્યારેય કોઈના પર હુમલો કરવા માટે થયો નથી.

# યુએસ ફેડના સંકેતથી ગોલ્ડ-સિલ્વર ETF તૂટયા

**ભાવમાં** 4% સુધીનો મોટો ઘટાડો સ્પોટ ગોલ્ડ $4,422 પર, ETFમાં ભારે ધોવાણ

મુંબઈ, તા. 31. યુએસ ફેડરલ રિઝર્વના ચેરમેનના જેકશન હોલ ખાતેની ટીપ્પણી બાદ વ્યાજદર વધવાની સંભાવના વધી જતાં સોના-ચાંદી ઈટીએફમાં ભારે વેચવાલીએ દબાણ જોવાયું હતું. જેના લીધે ચાર ટકાનો ઘટાડો નોંધાયો હતો.

વૈશ્વિક બજારમાં સોના અને ચાંદીના ભાવમાં થયેલા વધારાને અનુરૂપ આ વેચાણ છે. આજે આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાના ભાવમાં સતત ઘટાડો જોવા મળ્યો હતો. સોનામાં 4 ટકાનો ઘટાડો થયો હતો, જે જુનની શરૂઆતમાં તેનો સૌથી મોટો ઘટાડો છે.

સિંગાપોરમાં સ્પોટ ગોલ્ડ 0.7 ટકા ઘટીને 4422.75 ડોલર પ્રતિ ઔંસ અને ચાંદી 0.4 ઘટીને 66.12 ડોલર પ્રતિ ઔંસ બંધ થઇ ગઇ છે. તેની અસર સ્થાનિક બુલિયન માર્કેટમાં પણ જોવા મળી હતી, જેમાં એમસીએક્સ 1.14 ટકા ઘટીને 154496 પ્રતિ 10 ગ્રામ અને એમસીએક્સ સિલ્વર ફયુચર્સ લગભગ 1.28 ટકા ઘટીને રૂ. 239341 પ્રતિ કિલો પર બંધ રહ્યો હતો.

આજરોજ સીલ્વર ઈટીએફ ગોલ્ડ ઈટીએફ કરતા વધુ ઘટ્યા હતા. એસબીઆઈ સીલ્વર ઈટીએફ 4.05 ટકા ઘટીને રૂ. 226.55 પર બંધ રહ્યો હતો, જ્યારે નિપ્પોન ઈન્ડિયા સીલ્વર ઈટીએફ 4.06 ટકા ઘટીને 221.07 રૂપિયા પર ઘટીને બંધ રહ્યો હતો. ટાટા સીલ્વર ઈટીએફ પણ 3.98 ટકા ઘટીને 22.44 અને આઈસીઆઈસીઆઈ પ્રુડન્શીયલ સીલ્વર ઈટીએફ પણ 3.87 ટકા ઘટીને રૂ. 231.21 પર બંદ રહ્યો હતો.

ગોલ્ડ ઈટીએફમાં પણ તીવ્ર ઘટાડો થયો હતો. આઈસીઆઈસીઆઈ પ્રુડન્શીયલ ગોલ્ડ ઈટીએફ 3.59 ટકા ઘટીને રૂ. 130.75, એસબીઆઈ ગોલ્ડ ઈટીએફ 3.50 ટકા ઘટીને રૂ. 130.30 અને નિપ્પોન ઈન્ડિયા ઈટીએફ ગોલ્ડ બીઝ 3.48 ટકા ઘટીને રૂ. 136.30 પર બંધ રહ્યો હતો. તેજ સમયે, ટાટા ગોલ્ડ ઈટીએફ 3.19 ટકા ઘટીને રૂ. 14.87 પર બંદ રહ્યો હતો.

ફેડરલ રિઝર્વની વાર્ષિક જેકશન હોલ કોન્ફરન્સમાં કેવિન વોર્શે કહ્યું હતું કે, તેઓ ફુગાવાને સેન્ટ્રલ બેન્કના 2 ટકાના લક્ષ્ય પર પાછા લાવવાની સ્થિતિમાં છે. આ પછી સોનુ અને ચાંદી તુટી ગઇ હતી. સપ્ટેમ્બરમાં પોલિસી મીટીંગમાં વ્યાજદરમાં વધારો થવાની સંભાવના 50 ટકાથી વધુ છે.

યુએસ અને ઈરાને સોના-ચાંદીની ચમક અંગે યુદ્ધ વધુ તીવ્ર બનાવ્યું હોવાથી ક્રુડના ભાવમાં થયેલા વધારાએ દબાણમાં વધારો કર્યો હતો. યુએસ સૈન્યએ રવિવારે ઈરાનના રોકેટ લોન્ચર્સ પર હુમલો કર્યો હતો, આ તણાવ વધતો જાય છે. જેથી ક્રુડ ઓઈલના ભાવમાં વધારો થવાથી ફુગાવો વધવાની ચિંતા વધી છે.

# ઝોમેટોએ તેના પ્લેટફોર્મ પર એનાલોગ ડેરી ઉત્પાદન પર પ્રતિબંધ મૂક્યો

**FDAની** કાર્યવાહી બાદ કંપનીએ લાગુ કરી 'ઝીરો ટોલરેન્સ' પોલિસી; નકલી ચીઝ-પનીર ધરાવતી વાનગીઓ મેનુમાંથી હટાવાશે

મુંબઈ, તા, 31. ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA)ના કડક પગલાં વચ્ચે ઝોમેટોએ તેના પ્લેટફોર્મ પર એનાલોગ ડેરી ઉત્પાદનો પર પ્રતિબંધ મૂક્યો છે. કંપનીએ એક સત્તાવાર સૂચનામાં ચેતવણી આપી હતી કે "જે રેસ્ટોરન્ટ ભાગીદારો નિયમોનું પાલન ન કરે તેમને પ્લેટફોર્મ પરથી કાઢી નાખવામાં આવશે."

મહારાષ્ટ્રમાં ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન દ્વારા રાજ્યવ્યાપી કાર્યવાહીના પગલે, ઈટરનલ લિમિટેડની માલિકીની ફૂડ ડિલિવરી કંપની ઝોમેટોએ એનાલોગ ડેરી ઉત્પાદનો જેમકે ચીઝ, પનીર અને અન્ય ઉત્પાદનો ધરાવતી ખાદ્ય ચીજોને વિકલ્પ તરીકે દેખાવા પર પ્રતિબંધ મૂક્યો છે, જેના કારણે ઘણી લોકપ્રિય ખાણીપીણીની દુકાનોના લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

"ભારતના ફૂડ ઓર્ડરિંગ અને ડિલિવરી પ્લેટફોર્મ, ઝોમેટોએ તેના પ્લેટફોર્મ પર સૂચિબદ્ધ રેસ્ટોરાં દ્વારા એનાલોગ વાનગીઓના વેચાણ પર ઝીરો ટોલરેન્સ પોલિસીની જાહેરાત કરી છે, જે ઉલ્લંઘન કરતી કોઈપણ સૂચિને દૂર કરવાનો અધિકાર અનામત રાખે છે. તાત્કાલિક અસરથી, રેસ્ટોરન્ટ ભાગીદારોએ એનાલોગ ડેરી ધરાવતી તરીકે જાહેર કરેલી વાનગીઓને પ્લેટફોર્મ પરથી કાઢી નાખવામાં આવી છે,"

# સોનાના ભાવમાં સતત ચોથા દિવસે ઘટાડો

નવી દિલ્હી, તા. 31 (PTI) વૈશ્વિક સ્તરના નકારાત્મક સંકેતોએ વેપારીઓના માનસ પર બોજ નાખતા સોમવારે રાષ્ટ્રીય રાજધાનીમાં સોનાના ભાવ સતત ચોથા સત્રમાં ઘટીને રૂ 1,500ના ઘટાડા સાથે રૂ 1,60,900 પ્રતિ 10 ગ્રામ થયા હતા.

99.9 ટકા શુદ્ધતા ધરાવતી આ પીળી ધાતુ શુક્રવારે રૂ 1,62,400 પ્રતિ 10 ગ્રામ પર બંધ થઈ હતી. વેપારીઓએ જણાવ્યું હતું કે, ઘરેલુ સોનાના ભાવમાં ઘટાડો તાજેતરના અઠવાડિયામાં પીળી ધાતુની મજબૂત તેજી પછી સતત પ્રોફિટ-બુકિંગને પણ દર્શાવે છે.

# CASમાં બેન્ક નિફ્ટી 58000ને પાર નીકળી ગઈ

**બેન્ક** નિફ્ટીએ નિફ્ટી અને સેન્સેક્સને પાછળ છોડી દીધા: સૌથી વધુ ઉછાળો ક્લોઝિંગ ઓક્શન સેશન પછી થયો

મુંબઈ, તા. 31

આજરોજ સેન્સેક્સ અને નિફ્ટી લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. એમ પણ વૈશ્વિક બજારોમાં પણ નરમાઈ રહી હતી, પણ ઓકશન સેશનમાં સેન્સેક્સ નિફ્ટીને પાછળ છોડીને બેન્ક નિફ્ટીએ બાજી પલટી નાખી હતી અને બેન્ક નિફ્ટી 58000 પોઈન્ટની સપાટી કુદાવી હતી. આમ, બે દિવસમાં બેન્ક નિફ્ટી એક ટકા વધીને 58024.95 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બેન્ક શેરોમાં ફેડરલ બેન્ક, આઈટીએફસી ફર્સ્ટ બેન્ક અને યસ બેન્ક 3.3 ટકાથી 3.6 ટકા વધ્યા હતા. એક્સીસ બેન્ક, આઈસીઆઈસીઆઈ બેન્ક અનુક્રમે 2.7 ટકા અ 2.2 ટકા વધ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, બેન્ક નિફ્ટીમાં મોટા ભાગનો વધારો ઓકશન સેશન બંધ થયા બાદ આવ્યો હતો.

3 ઓગસ્ટથી રજૂ કરાયેલા સીએએસએ આશરે 20 મીનીટની ઓકશન છે, જે દરમ્યાન સ્ટોકની સત્તાવાર બંધ કિંમત નક્કી કરવા માટે ખરીદ અને વેચાણના ઓર્ડર સાથે મેળ ખાય છે. ચીન, તાઈવાન, હોંગકોંગ અને દક્ષિણ કોરિયા સહિતના અન્ય વૈશ્વિક અને એશિયન બજારોમાં સમાન મિકેનિઝમનો ઉપયોગ થાય છે.

આમ, નવી ક્લોઝિંગ ઓકશન પદ્ધતિથી તીવ્ર સ્વીંગ જોવા મળે છે. ખાસ કરીને તે દિવસોમાં જ્યારે ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટ સમાપ્ત થાય છે. જોકે, હજુય નાના રોકાણકારો માટે હજુય મુંઝવણમાં છે.

# અમેરિકાના હુમલા બાદ ક્રૂડ ઓઈલના ભાવ 3.5 ટકાથી વધુ ઉછળ્યા

મુંબઈ, તા. 31. સોમવારે અમેરિકા દ્વારા હોર્મુઝ સ્ટ્રેટમાં ઈરાનના લારાક ટાપુ પર બે લોન્ચર પર હુમલો કરવામાં આવ્યા બાદ તેલના ભાવમાં 3.5 ટકાથી વધુનો વધારો થયો હતો અને તેહરાને કહ્યું હતું કે તેણે જોર્ડનમાં યુએસ એરબેઝ પર હુમલો કરીને બદલો લીધો છે. મધ્ય પૂર્વમાં સંઘર્ષ હવે છઠ્ઠા મહિનામાં પ્રવેશી ગયો છે. નવી લશ્કરી કાર્યવાહીથી વ્યૂહાત્મક જળમાર્ગ દ્વારા તેલ પુરવઠા અને શિપિંગમાં વધુ વિક્ષેપ પડવાની ચિંતા વધી ગઈ છે. હોર્મુઝ સ્ટ્રેટમાં ઈરાની ટાપુ પર અમેરિકાના હુમલા બાદ સોમવારે ક્રૂડ ઓઈલના ભાવ ટ્રેડ દરમ્યાન પ્રતિ બેરલ 3.56 ટકા એટલે કે 3.14 ડોલરથી વધુ ઉછળીને 91.24 થયા હતા. યુએસ વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિયેટ (WTI) ક્રૂડ 3.81 ટકા એટલે કે 3.18 વધીને 86.58 ડોલર પ્રતિ બેરલ થયા હતા.

# સરકારે 1.27 લાખ કરોડની 'સેમિકોન 2.0' યોજનાની અધિસૂચના જાહેર કરી

**સેમિકન્ડક્ટર** ઈકોસિસ્ટમ અને સ્વદેશી ડિઝાઈનને મળશે વેગ; નવા પ્લાન્ટ્સ માટે સરકારી સબસિડી અને નિયમો જાહેર

**વૈશ્વિક** સ્તરે AIના કારણે એડવાન્સ ચિપ્સની માગ ખૂબ વધી રહી છે તેને જોતા સરકારનું મહત્વકાંક્ષી પગલું

નવી દિલ્હી, તા. 31 (પીટીઆઈ): કેન્દ્ર સરકારે સોમવારે 'સેમિકોન 2.0' યોજનાની અધિસૂચના બહાર પાડી છે. દેશમાં ચિપ ઉત્પાદનથી લઈને સ્વદેશી ડિઝાઈન, સાધનસામગ્રી, એડવાન્સ્ડ પેકેજિંગ, રિસર્ચ અને ટેલેન્ટ ડેવલપમેન્ટ સુધીના આખા સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમને મજબૂત કરવાના હેતુથી રૂ. 1,27,500 કરોડનું આ ભંડોળ જાહેર કરવામાં આવ્યું છે.

વૈશ્વિક સ્તરે એઆઈ (AI) ક્રાંતિના કારણે એડવાન્સ ચિપ્સની માગ ખૂબ વધી રહી છે અને સપ્લાય ચેઈન અંગેની ચિંતાઓને ધ્યાનમાં રાખીને ભારતે આ મહત્વકાંક્ષી કદમ ઉઠાવ્યું છે. કેન્દ્રીય કેબિનેટે 15 જુલાઈ 2026ના રોજ સેમિકોન 2.0 યોજનાને મંજૂરી આપી હતી, જ્યારે સોમવારે બહાર પડાયેલી અધિસૂચનામાં આ યોજના હેઠળ નાણાકીય પ્રોત્સાહનો અને વિવિધ શ્રેણીઓ માટેની પાત્રતાના નિયમો સ્પષ્ટ કરવામાં આવ્યા છે.

**યોજનાની મુખ્ય બાબતો અને સહાય:**

**સિલિકોન વેફર ફેબ્સ:** નવા ફેબ્સ માટે 40% સરકારી સહાય મળશે. આ માટે ઓછામાં ઓછું Rs 20,000 કરોડનું રોકાણ અને રૂ. 7,500 કરોડનું ટર્નઓવર જરૂરી છે.

**ડિસ્પ્લે અને કમ્પાઉન્ડ ફેબ્સ:** કમ્પાઉન્ડ ફેબ્સ માટે રૂ. 500 કરોડ અને OLED/LCD ડિસ્પ્લે ફેબ્સ માટે રૂ. 10,000 કરોડના રોકાણ સાથે 35% સુધીની સહાય અપાશે.

**પેકેજિંગ અને ટેસ્ટિંગ (ATMP/OSAT):** મૂડી ખર્ચના 25% થી 35% સુધીનું પ્રોત્સાહન મળશે.

**સ્ટાર્ટઅપ્સ અને MSME:** ડિઝાઈન આધારિત પ્રોત્સાહન હેઠળ Rs 15 કરોડ સુધીનું સીડ ફંડિંગ અને નવી ચિપ્સના વેચાણ પર 9% રિઈમ્બર્સમેન્ટ (વધુમાં વધુ Rs 120 કરોડ) મળશે.

**રિસર્ચ અને ટેલેન્ટ:** આ ક્ષેત્રે સંશોધન અને તાલીમ માટે પ્રોજેક્ટ ખર્ચના 75% સુધીની સહાય આપવામાં આવશે.

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૮ | | ૯ | | | | ૬ |
| | ૬ | | | ૮ | | ૯ | | |
| | ૩ | | | ૬ | ૧ | ૮ | | ૭ |
| | ૨ | | ૩ | ૭ | | | ૬ | ૧ |
| | ૭ | ૩ | | ૧ | | ૪ | ૯ | ૨ |
| ૬ | ૧ | | ૫ | ૪ | ૨ | | | ૮ |
| ૪ | | | | ૩ | ૭ | ૨ | ૮ | |
| ૨ | ૯ | | | | | ૬ | ૭ | ૩ |
| | ૮ | ૭ | | | ૬ | ૧ | | ૫ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### અજીર્ણ – મંદાગ્નિ

ખોરાક નું યોગ્ય પાચન ના થાય તો ભૂખ મરી જાય છે. ચિત્રક મૂળ એને માટે ઉત્તમ છે. ચિત્રકાદિ વટીની ગોળીઓ બે થી ચાર જમ્યા પછી પાણી અથવા છાશ સાથે લો. સ્વાદિષ્ટ હોય છે. ચૂસીને પણ લઇ શકો છો.

## આજનું પંચાંગ

**તા. 01/09/2026, મંગળવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** શ્રાવણ
**તિથિ:** વદ: ચોથ: 07:43 પછી પાંચમનો ક્ષય છે.
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** ભાદરવો: 10
**યોગ :** વૃધ્ધિ **કરણ:** કૌવલ
**નક્ષત્ર :** અશ્વિની: 26:43
**રાશિ:** મેષ (અ,લ,ઈ)
**દિવસ :** અશુભ- મંગલાગૌરી પૂજન- નાગપંચમી
**સુરતમાં સૂર્યોદય :** 06:24 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:54
**નવકારસી :** 07:12
**પારસી વર્ષ :** 1396 ફરવરદીન માસનો 18મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 રબિઉલ અવલ માસનો 18મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
**રાત્રિનાં ચોઘડિયાં:** કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
**રાહુકાળ :** બપોરે: 15:00 થી 16:30 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** તમારી મહેનતનું ફળ જોવા મળશે. વેપાર ધંધામાં લાભ થાય. સામાજિક સંબંધો મજબૂત બનશે. નવી તક મળે.

**વૃષભ (બ,વ,ઉ,):** નોકરીમાં ટીમવર્કથી સફળતા મળે. પ્રવાસ શિક્ષણ, દલાલીને લગતાં કામ થાય. મિત્રોની સાથે નવો કામ મળે.

**મિથુન (ક,છ,ઘ,):** આર્થિક બાબતે લેવડ-દેવડમાં સાવધાની રાખવી. સંતાન બાબતે ચિંતા વધે. માનસિક પીડા અને ખર્ચા વધશે.

**કર્ક (ડ,હ,):** સાહસિક અને નીડર બનશો. આરોગ્ય બાબતે સાવધાન કુટુંબજીવનમાં સફળતા મળે. નોકરીમાં નવી જવાબદારી વધે.

**સિંહ (મ,ટ,):** અચાનક ખર્ચા વધશે. આંખની કાળજી રાખવી. ઉધાર લેવા-દેવાનું ટાળવું. ધાર્મિક પ્રવાસ થાય.

**કન્યા (પ,ઠ,ણ,):** નવા મિત્રોથી સાવધાન, પ્રેમમાં લાગણીપર કાબુ રાખવો. શેર, સટ્ટા, લોટરી, વાયદાના કામમાં પ્રગતિ થાય.

**તુલા (ર,ત,):** નોકરીમાં નવી તક ઊભી થાય. ધંધામાં આવક વધે. કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. સામાજિક કામમાં યશ મળે.

**વૃશ્ચિક (ન,ય,):** શત્રુઓથી સાવધાન અને ખાવા-પીવા બાબતે સંયમ રાખવો. સરકારી કામમાં પ્રગતિ થાય.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** વિદેશમાં અભ્યાસની યોજનાને ગતિ મળે. સંતાન-જીવન સાથીનાં કામ થાય. મિત્રોનો સાથ મળે.

**મકર (ખ,જ,):** નોકરીમાં નવા ફેરફાર કે સ્થાન ફેરથી જવાબદારી વધશે. વડીલોના આરોગ્યની ચિંતા વધે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** આત્મવિશ્વાસ વધશે. મિત્રોનો સાથ મળે. નવા કામમાં સફળતા મળે. આવક વધારવાની યોજના બને.

**મીન (દ,ચ,ઝ,થ,):** ખાણી-પીણી, શિક્ષણ, માર્કેટીંગ, વગેરે કામમાં લાભ થાય. ઉઘરાણીની ચિંતા હળવી થાય.

## કોઈ પણ સાલમાં 01 સપ્ટેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરીમાં ચડતી-પડતી અને વેપાર-ધંધા- વ્યવસાયમાં હરીફોની હેરાનગતી સતાવે. સમાજમાં સામાન્ય રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં અશાંતિ અને અવરોધનો અનુભવ વધે. આર્થિક રીતે સામાન્ય રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં સામાન્ય રહે. ટેકનોલોજીનો લાભ મળે. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. પ્રેમ વિવાહમાં વિઘ્નોનો સામનો કરવો પડે. વિદેશના કામમાં વિઘ્નો આવે. વિદ્યાર્થીઓને નવી ટેકનોલોજીનો લાભ મળે. મિત્રો-વડીલોની મદદ સામાજિક, વારસા, જાયદાત, જમીન જેવા કામમાં મળે. નવા ઘર, વાહન, મકાનની યોજના મધ્ય વર્ષમાં સફળ બને. વધારાની આવકની યોજનામાં ચડતી-પડતી રહે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. જુલાઈ, ઓગસ્ટ, રવિ-સોમવાર, 01,10,28 તારીખે નવા કામ કરવો. સોનેરી, ભૂરા અને કથઈ રંગનો ઉપયોગ વધારવો. નવેમ્બર-ડિસેમ્બર, શુક્ર-શનિવાર, 07,16,25 તારીખે નવા કામ ટાળવો. શ્યામ રંગનો ઉપયોગ ટાળવો. સૂર્ય દેવના ઉપાય કરતા રહેવું.